નાગરિક હકક સંરક્ષણ ધારો ૧૯૫૫ ના
અસરકારક અમલ માટે તાલુકા કક્ષાની
સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
મજુર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ
ઠરાવ નં. એસ.સી.૭૯ યુ-૧૦૭૭-૫૫૮૦-જ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ. ૨૧ મી ફેબ્રુઆરી ૧૯૭૭.

અસ્પૃશ્યતા ગુન્હા ધારો ૧૯૫૫, જે હવે નાગરિક હકક સંરક્ષણ ધારો, ૧૯૭૬, તરીકે તારીખ ૧૯ મી નવેમ્બર ૧૯૭૬ થી દેશભરમાં આવેલ છે, તેના અસરકારક અમલની જવાબદારી રાજ્ય સરકારની છે. આ ધારાની કલમ-૧(એ) (૨)(૪) માં આ ધારાના અમલ માટે સમિતિઓની રચના કરવા માટે રાજ્ય સરકારને સૂચના આપવામાં આવી છે. આ ધારાના અમલ માટે હાલ રાજ્યકક્ષાના અને જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવાનું ઠરાવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | મામલતદાર | .. | અધ્યક્ષશ્રી |
| ૨. | તાલુકા પંચાયતની સામાજીક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી | - | સભ્ય |
| ૩. | તાલુકા પંચાયતની સામાજીક ન્યાય સમિતિના અનુસૂચિત જાતિના તમામ સભ્યો અથવા જે તાલુકા પંચાયતની સામાજીક ન્યાય સમિતિમાં અનુસૂચિત જાતિના સભ્યો ન હોય તેવા તાલુકામાં કલેક્ટર દવારા નીમવામાં આવે તેવા અનુસૂચિત જાતિના બે સભ્યો. | - | સભ્ય |
| ૪. | તાલુકા વિકાસ અધિકારી | - | સભ્ય |
| ૫. | પ્રોલીસ પ્રોસીકયુટર | - | સભ્ય |
| ૬. | પોલીસ સબ-ઇન્સ્પેકટર | - | સભ્ય |

..૨

૨. આ સમિતિના અધ્યક્ષશ્રી પદે મામલતદારેને નીમવાનું નક્કી થયેલ છે. આથી તમામ મામલતદારશ્રીઓને તેમના તાલુકામાં ઉપર જણાવેલ પ્રમાણેની સમિતિના રચના કરવા માટે વિનંતી છે. તાલુકામાં જ્યાં જ્યાં નગર પંચાયતો અસ્તિત્વમાં છે. ત્યાં ત્યાં નાગરિક હક્ક સંરક્ષણ ધારો, ૧૯૭૬ ના અસરકારક અમલ માટેની કાર્યવાહી પણ તાલુકા કક્ષાની સમિતિએ કરવાની રહેશે. દરેક જિલ્લામાં કલેકટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા તકેદારી સમિતિની રચના કરવામાં આવી છે. તેના કાર્યક્ષેત્ર પ્રમાણે તાલુકા કક્ષાની આ સમિતિનું કાર્યક્ષેત્ર પણ રાખવું.

૩. સમિતિ અને તેના સભ્યોની મુદત ઠરાવની તારીખથી બે વર્ષ સુધીની રહેશે.

૪. સમિતિના બિન-સરકારી સભ્યો મુંબઇ રાજ્ય સેવા નિયમોના વખતો વખત સુધારેલા પરિશિષ્ટ-૪૨ એ ના વિભાગ-૧ ની નિયમ ૧ ની જોગવાઇ અનુસાર પ્રવાસ-ભથ્થુ મેળવવાને પાત્ર થશે.

૫. આ અંગે થનાર ખર્ચ અંદાજ પત્રના સદર ૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-સી-પછાતવર્ગનું કલ્યાણ '' ખાતે ઉધારવું.

૬. આ વિભાગની ફાઇલ નં. એસ.સી.ડબલ્યુ-૧૦૭૪-૭૭૭૦૪-જ પર નાણાં સલાહકારની તારીખ ૮ મી નવેમ્બર ૧૯૭૬ ની સહમતીથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

શિ. ન. આચાર્ય,
ઉપ સચિવ
મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી,
વિકાસ વિભાગ